# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJCOMASOL KHATAR VECHAN

ગુજરાત રાજ્ય સહકારી માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ – ગુજકોમાસોલ દ્વારા કુદરતી ખાતર વેચાણનો આજથી શુભારંભ કરાયો. હવે આ સંસ્થા દ્વારા કુદરતી ખનીજમાંથી બનેલા ખાતરનું વેચાણ કરાશે. આ પ્રસંગે ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કહ્યું, રાજ્યના ખેડૂતો સામૂહિક રીતે પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે ગુજકોમાસોલ દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

# POLITICAL CAMPAIGN

રાજ્યમાં આ રવિવારે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તેમજ 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે. તેને લઈ રાજકીય પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં કલોલ તાલુકાના સાંતેજમાં ભાજપની વિકાસ સંકલ્પ સભા સંબોધી. દરમિયાન શ્રી સંઘવીએ સરકારની સિદ્ધિઓ ગણાવી વિરોધ પક્ષ પર પ્રહાર કર્યા હતા.

બીજી તરફ આજથી ત્રણ દિવસ સુરતના પ્રવાસે આવેલા આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયા પક્ષના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું, તેમની પાર્ટીનો ઉદ્દેશ બેઠકો જીતવાનો નહીં, પણ મહાનગરપાલિકામાં સમગ્ર વ્યવસ્થા બદલવાનો છે. ઉપરાંત આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ધોરાજીના નાની પરબડી ખાતે વિજય વિશ્વાસ સભા સંબોધી હતી. તો, ગુજરાત કૉંગ્રેસ સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરી રહી છે.

# GNR LOCAL ELECTION

ગાંધીનગરમાં આગામી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે 28 બેઠક પર 120 જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તમામ ઉમેદવારો મતદારોને રિઝવવા માટે પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. આ અંગે સાંભળીએ ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ.

(VOICECAST: DURGESH MEHTA)

# ARAVALLI POLICE CHECKING

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા વિવિધ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે અરવલ્લીમાં પણ જિલ્લા સ્થાનિક ગુનાશાખાની ટીમે આ કાર્યવાહી હેઠળ 24 જેટલા નાસતાફરતા આરોપીને ઝડપી પાડી અંદાજે એક કરોડ 40 લાખ રૂપિયાનો સામાન કબજે કર્યો છે. સાથે જ જિલ્લામાં વિવિધ 14 જેટલી ચેકપોસ્ટ તૈયાર કરવામાં આવી હોવાનું જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું.

(BYTE: MANOHARSINH JADEJA, SP, ARAVALLI)

# PAHALGAM CM TRIBUTE

જમ્મુ-કશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. ગયા વર્ષે આજના જ દિવસે આતંકવાદીઓએ 26 નિર્દોષ નાગરિકોની હત્યા કરી હતી. જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ છ અને સાત મે-ની રાત્રે ઑપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.

સમગ્ર દેશ આ હુમલામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, આ હુમલામાં જીવ ગુમાવનારા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ આપી.

# MAHISAGAR KADANA DAM

મહીસાગરના કડાણા બંધમાંથી સુજલામ્ સુફલામ્ નહેરમાં પાણી છોડવામાં આવતા સાત જિલ્લાના ખેડૂતોને સીધો લાભ થશે. ઉનાળું વાવેતર અને પીવાના પાણી માટે ખેડૂતોની માગને લઈ સરકાર દ્વારા સિંચાઈ વિભાગને આ માટે સૂચના અપાઈ હતી.

# VALSAD WANTED ARREST

વલસાડ પોલીસે કેફી પદાર્થના ગેરકાયદે વેચાણ કરતા ફરાર આરોપી બાજસિંઘની ધરપકડ કરી. અગાઉ પારડી પોલીસે દોલતનગરના અલિફ રૉ-હાઉસમાંથી પકડેલા એક વ્યક્તિએ આ કેફી પદાર્થ તે વડોદરાના બાજસિંઘ પાસેથ લાવ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે મૂળ પંજાબના પણ વડોદરામાં રહેતા આરોપી બાજસિંઘને રણૌલીના અક્ષર રેસીડેન્સીમાંથી ઝડપી પાડ્યો છે.

# WORLD EARTH DAY

આજે 22 એપ્રિલે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા પર લોકોને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી. તેમણે સમસ્ત જીવસૃષ્ટિના આધાર સમી માઁ વસુધા-ને વંદન કર્યા. પ્રકૃતિને પરમાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ ગણાવતા શ્રી પટેલે તેનું જતન એ આપણો પરમ ધર્મ હોવાનું જણાવ્યું.

શ્રી પટેલે જળવાયુ પરિવર્તનના પડકારો વચ્ચે વિકાસની સાથોસાથ પર્યાવરણનું સંતુલન જાળવીને આગળ વધવું ઘણું જરૂરી હોવાનું તેમના સંદેશમાં ઉમેર્યું હતું. સાથે જ તેમણે પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ધરતી માતાને રસાયણમુક્ત બનાવવા જળ સંચય કરવા અને વધુને વધુ વૃક્ષારોપણ કરી હરિયાળી વધારવા અપીલ કરી. ઉપરાંત શ્રી પટેલે આજની જાગૃતિ અને પર્યાવરણલક્ષી પગલાં આવનારી પેઢી માટે એક સુરક્ષિત, સ્વસ્થ અને પ્રદૂષણમુક્ત પૃથ્વીની ભેટ બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.